# જુનાડીસા ઘન કચરા પ્લાન્ટમાં માનવસર્જીત આગ મુદ્દે આવેદન

### અધિકારીઓને ગેરમાર્ગે દોરવા ઈરાદાપૂર્વક આગ લગાડી હોવાના ગ્રામજનોના આક્ષેપ

ડીસા, તા. ૩

ડીસા નજીકના જુનાડીસા ગામના ગંગાજી વ્હોળામાં પાલિકાના ઘન કચરા નિકાલના પ્લાન્ટમાં સોમવારે આગ લાગી હતી. જે આગથી ધૂમડાનું સામ્રાજ્ય છવાતા પ્રદૂષણની માત્રા અચાનક વધી જતાં ગામ માથે ૨૦૦૩-૨૦૦૪ માં તત્કાલિન કલેકટરે બિનધિકૃત રીતે ડીસા પાલિકાને ઘન કચરાના નિકાલ માટે ફાળવી છે. પણ ત્યાં સરકારી નીતિ નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરી ઘન કચરાની આડમાં દુનિયાભરની ગંદકી ઠલવાય છે. જેથી ગામ માથે ગંભીર પ્રદૂષણની માત્રા વધી જતાં ગામલોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી હતી. જયારે વાહનચાલકોને રાહદારીઓને ત્યાંથી નીકળવું પણ દુષ્કર થઈ પડ્યું હતું. કોરોના વચ્ચે શિયાળાના આરંભે રોગચાળાનો ખતરો ફરી મંડરાતા મંગળવારે




રોગચાળાનો ખતરો મંડરાયો હતો. વાહનચાલકો અને રાહદારીઓ પણ તોબા પોકારી ઉઠ્યા હતા. જે મુદ્દે સરપંચની આગેવાની હેઠળ ગ્રામજનોએ ના. કલેકટરને આવેદનપત્ર આપી હાઈકોર્ટમાં કેશ ચાલતો હોઈ અધિકારીઓને ગેરમાર્ગે દોરવા ઈરાદાપૂર્વક પ્લાન્ટમાં આગ લગાડી હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરી આ બાબતે સત્વરે ઘટતાં પગલાં નહિ ભરાય તો હિજરત કરવાની ફરજ પડશે તેવો રોષ ઠાલવ્યો હતો.

ડીસા-પાટણ હાઈવે ઉપર આવેલ જુનાડીસા ગામના સર્વે નં. ૭૨૭ પૈકી ૧ વાળી જમીન રોગચાળાનો ખતરો મંડરાતા વર્તમાન ગ્રામ પંચાયતની બોડીએ જૈન સંસ્થાઓ અને ગામ આગેવાનોના સહકારથી હાઈકોર્ટ અને ગ્રીન ટ્રીબ્યુનલ પૂનામાં કેશ દાખલ કરેલ છે. એટલું જ નહીં જિલ્લા કલેકટર, ના. કલેકટર અને મામલતદારને પણ અવારનવાર આ હળાહળ અન્યાય મુદ્દે રજૂઆતો કરી સીઆરપીસી એક્ટ મુજબ પાલિકાને નોટિસો પણ ફટકારી છે. તેમછતાં કોઈ ઘટતાં પગલાં ભરાતા નથી. અધૂરામાં પૂરૂ ગત સોમવારે બપોરના સુમારે પ્લાન્ટમાં આગ લાગતા ધુમાડાનું સામ્રાજય છવાયું હતું. જેથી સરપંચ બબાભાઈ દેસાઈ ગામ આગેવાનો સાથે ડીસા દોડી ગયા હતા અને ના. કલેકટરને આવેદનપત્ર આપી હાઈકોર્ટમાં આ મુદ્દે કેશ ચાલતો હોઈ અધિકારીઓને ગેરમાર્ગે દોરવા આગ લગાડી હોવાના આક્ષેપો કરી પ્લાન્ટ સ્થગિત કરવાની માંગ કરી હતી. વધુમાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને સરકારી નિયમોના ઉલ્લંઘન સાથે માનવ સર્જીત આગથી ગામલોકોને જીવવું મુશ્કેલ થઈ ગયું છે તેથી આ મુદ્દે સત્વરે ઘટતાં પગલાં નહિ ભરાય તો ગામલોકોને હિજરત કરવી પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

# અરવલ્લીમાં ગાંજાની ખેતીનો પર્દાફાશ

### તખતપુરા ગામે ખેતરમાંથી ૪૮ છોડ સાથે નશાની ખેતી કરનાર ખેડૂતને એસઓજી પોલીસે ઝડપ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નશાના કારોબાર કરનાર અસામાજીક તત્વો સામે ગાળીયો કસ્યો છે. જીલ્લામાં એસઓજી પોલીસે નશાની ખેતી ઝડપી પાડી હતી. જીલ્લામાં ગાંજાનું વ્યસન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે, શહેરી વિસ્તારમાં યુવાનો ગાંજાની લતે ચઢી બરબાદીની ગર્તામાં ધકેલાઈ રહ્યા છે, જીલ્લામાં ગાંજાના બંધાણીઓ ખેતરમાં કે ઘરની આજુબાજુ એકાદ બે છોડ વાવી નશાને સંતોષતા હોય છે ત્યારે એસઓજી પોલીસે મોડાસા તાલુકાના તખતપુરા ગામેથી કપાસની ખેતીની આડમાં ખેતરમાં ગાંજાના વાવેતરનો



પર્દાફાશ કરી ૪૮ નાના મોટા તાજા લીલા છોડ સાથે ૪૬ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી સુરજી થાવરાભાઈ અસારીને ઝડપી પાડી એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી એસઓજી પીઆઈ જે.પી. ભરવાડ અને તેમની ટીમે પેટ્રોલીંગમાં હતી ત્યારે એસઓજી હેડકોન્સ્ટબલ કલ્પેશસિંહને તખતપુરા ગામે સુરજી અસારીએ તેના ખેતરમાં કપાસની ખેતીની આડમાં ગેરકાયદેસર ગાંજાની ખેતી કરી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજી પોલીસે એફએસએલ અધિકારી, પંચો સાથે રાખી રેડ કરી કપાસના ખેતરમાં શોધખોળ હાથ ધરતા કપાસના વાવેતર કરેલ ખેતરમાં કપાસની વચ્ચે થોડા થોડા અંતરે ગેરકાયદેસર ઉછેરેલ ૪૮ છોડ મળી આવતા એસઓજી પોલીસે ૪૮ છોડ કીં. રૂ.૪૬૬૩૦નો જથ્થો જપ્ત કરી નશાની ખેતી કરનાર સુરજી થાવરાભાઈ અસારીની ધરપકડ કરી કરી એનડીપીએસ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરમાં બે બ્રિજના કામ એક સાથે ચાલુ હોવાથી લોકો પરેશાન

### ટ્રાફીકના કારણે બજારમાં કામ સિવાય આવવાનું લોકો ટાળે છે

રેલ્વે કોરીડોરની લાઈનનું કામ ચાલતુ હોવાથી પાલનપુર ગુરૂનાનક ચોકનો ઓવરબ્રિજ ઊંચો કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે.તો બીજી તરફ માનસરોવરનો માર્ગ બંધ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાલનપુર શહેરમાં ટ્રાફીકની સમસ્યા દિન પ્રતિદીન વધી રહી છે.જેમાં શહેરમાં ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તે માટે પોલીસનું સુચારૂ આયોજન કરવાના પ્રયત્નો કરવામાં આવતા હોય છે.રેલ્વે વિભાગ દ્વારા કોરીડોરની લાઈનનું કામ ચાલતુ હોવાના કારણે



પાલનપુર શહેરના ગુરૂ નાનક ચોક પાસેનો ઓવર બ્રિજ ૮૦ સેમી અંદાજીત સવા ત્રણ ફુટ જેટલો ઊંચો કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે.જેનું કામ એક વર્ષ ઉપરાંત તેનુ કામ ચાલુ રહેશે.બિજી તરફ પાલનપુર માનસરોવર ફાટક પાસે સરકાર દ્વારા ઓવરબ્રિજ પાસ કરવામાં આવ્યો છે.જેનું કામ છેલ્લા કેટલાક સમયથી બંધ હતુ .પરંતુ અત્યારે ફરી કામ ચાલુ થતા શહેરમાંથી હાઈવે જવાનો માર્ગ બંધ કરવામાં આવ્યો છે.જેથી એક તરફ માર્ગ બંધ છે.તો બીજી તરફ ટ્રાફીકની સમસ્યા છે.આમ શહેરને જોડાતા બંન્ને બ્રિજના કામ એક સાથે ચાલુ થતા પાલનપુરના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# પ્રાંતિજ ભારતીય જનતા પાર્ટી તાલુકા અને શહેર મંડલ દ્વારા સ્વ. કેશુભાઈ પટેલને પુષ્પાંજલિ

### સાંસદ, પૂર્વ મંત્રી સહિત નગરપાલિકાના પ્રમુખ સહિત ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ તાલુકા તમેજ શહેર ભાજપ દ્વારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિધનથી સમસ્ત ગુજરાતમા તેમના સમર્થકોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. સ્વ. કેશુભાઈ પટેલ કેશુબાપાના હુલામણા નામથી સમગ્ર ગુજરાતમાં પ્રચલિત બન્યા હતા, તેઓ ખેડૂત પુત્ર હતા અને કિસાનોના હમદર્દ હતા. તેમના શાસનકાળને આજે પણ ગુજરાતની જનતા યાદ કરે છે. જનસંઘની સ્થાપના વખતથી રાજકીયક્ષેત્રે જોડાયેલા કેશુભાઈ પટેલ ૧૯૮૦માં ભાજપ ની



સ્થાપના થઈ ત્યારથી જ પાયાના કાર્યકર રહ્યા હતા. આજે ગુજરાતમાં અને કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટી સત્તા સ્થાને છે ત્યારે કેશુભાઈ પટેલ જેવા સંનિષ્ઠ વ્યક્તિની ભારે ખોટ પડી છે. શ્રધ્ધાંજલી કાર્યક્રમમા સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, ઉપપ્રમુખ જગદીશભાઈ કિમતાણી, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, માર્કેટયાર્ડના ચેરમેન રાજુભાઈ પટેલ, નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, કોર્પોરેટર ધવલભાઈ રાવલ, બીપીનભાઈ સોની સહિત ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

### અરવલ્લી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ

# મુખ્યમંત્રીને આદિવાસીઓના જંગલની જમીનની હક્ક પત્રક આપવા પત્ર લખ્યો

આદિવાસીઓને જંગલની જમીનના ખેડાણના હક્ક પત્રક (સનદ) આપવામાં વિલંબ મુદ્દે હાઈકોર્ટે પણ તેના આદેશમાં નોંધ્યું છે કે દુઃખની વાત છે કે ૧૮ વર્ષનો સમય વીતવા છતાં આદિવાસીઓને જંગલની જમીન પર ખેડાણ કરવા માટે હક્કપત્રક આપવામાં કોઈ પ્રગતિ નથી અને આ અંગે નક્કર કાર્યવાહી કરવા સરકારને આદેશ આપ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી રાજયના સવા લાખ આદિવાસીઓને જંગલની જમીનના હક્કપત્રક (સનદ) આપવા રજુઆત કરી છે.

આદિવાસી સમાજના યુવા અગ્રણી અને અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી જણાવ્યું છે કે ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ શિડુયલ



ટ્રાઈબ એન્ડ અધર ટ્રેડિશનલ ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ-૨૦૦૬ હેઠળ આદિવાસીઓને જંગલની જમીનના હક્ક મળે છે છતાં ફોરેસ્ટ વિભાગ દ્વારા ખોટા નિયમો અને બહાના બતાવી અરજદારોના દાવા ના મંજુર કરવામાં આવે છે જે દાવા મંજુર થયા છે તેને સનદો આપવા પણ અવાર નવાર કચેરીએ ધરમ ધક્કા ખવડાવવામાં આવે છે, જે દુઃખની બાબત છે. આ અંગે વહીવટીતંત્રને ફોરેસ્ટ વિભાગને આદેશ કરી સવા લાખથી વધુ ગુજરાતના આદિવાસીઓને જંગલની જમીન આપવા રજુઆત કરી હતી ન્યાયની માંગ કરી હતી. ભિલોડા અને મેઘરજ તાલુકાના આદિવાસી અરજદારોને જવાબદારતંત્ર સનદ આપવા ધરમધક્કા ખવડાવતા ન છૂટકે આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# પાલનપુરમાં ક્રિકેટ સટ્ટો રમતા બે શખ્સ સામે ફરીયાદ

પાલનપુર આકેસણ રોડ પર એક શખ્સ આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની પશ્ચિમ પોલીસને બાતમી મળી હતી.જેથી પી.આઈ.કે.પી.ગઢવીની સુચનાથી સ્ટાફના માણસોએ વોચ ગોઠવી ક્રીકેટ મેચ પર સટ્ટો રમતા વિજયભાઈ કાંતિલાલ ઠક્કર રહે.પાલનપુરને જડપી લઈ તેની પાસેથી સટ્ટો રમવાન સાહીત્ય સહીત મોબાઈલ મળી કુલ રૂ.૮૦૦૦ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.તેમજ હાજર ન મળેલ રાહુલ ઉર્ફે મુન્નો બાબુલાલ ઠક્કર સામે ગુનોનોંધી તેને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.

# ખેડૂત વિરોધી કાયદાના વિરોધમાં બનાસકાંઠા કોંગ્રેસના ધરણા

બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા શનિવારે ભાજપની કેન્દ્ર સરકારના વિરોધમાં ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવીએ જણાવ્યુ હતુ કે ભાજપ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. ખેતિવાડી ઉત્પન બજાર સમિતી જેમાં ખેડૂતોનું પ્રતિનીધીત્વ હોય અને નાના ખેડૂતો પોષણ ક્ષમ ભાવ મળી શકે અને ખેડૂતોને માલ વેચવામાં તકલીફ ન પડે તેવી એપીએમસીને નાબુદ કરવાના કાયદાઓ લાવવામાં આવ્યા છે. ખેડુત વિરોધી કાયદાઓના વિરોધમાં ધરણા કરી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

# ડીસાના બનાસબ્રિજ નજીક બે ટ્રેલર વચ્ચે અકસ્માત

### અકસ્માતના પગલે આગ લાગતા એક ટ્રેલરચાલક દાજી જતા મોત

ડીસા, તા. ૩

ડીસાના બનાસ બ્રિજ ઉપર બુધવારે વહેલી સવારે બે ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ટ્રેલરમાં આગ ઉપરથી પસાર થતા હતા તે દરમિયાન સ્પીડબ્રેકર આવતા તેમને ટ્રેલર બ્રેક કરતા પાછળથી આવી રહેલા ટ્રેલર નં. આરજી.૦૫.જીબી.૫૩૨૬ એ જતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જોકે અકસ્માતના પગલે ભારે અફરા તફરી મચી હતી અને ટ્રાફિક જામ થઈ જતા વાહનોની લાંબી લાઈનો લાગી જવા



લાગતા ટ્રેલરચાલક દાજી જતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું. આ અકસ્માતના પગલે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ અકસ્માતની વિગતો જોતા મૂળ ગામ ગોંડવાલ, જી. લુધિયાના ખાતે રહેતા જસપાલસિંહ મુખત્યારસિંહ જાટ પોતાનું ટ્રેલર નં. પીબી.૧૦.જીકે. ૪૨૫૩ લઈ મોરબીથી ટાઈલ્સ લઈ પશ્ચિમ બંગાલ તરફ જવા નીકળ્યા હતા અને બુધવારે ડીસાના બનાસનદીના બ્રિજ ધડાકાભેર ટક્કર મારી હતી અને અકસ્માતના પગલે ટ્રેલરમાં આગ લાગી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે તે દરમિયાન સ્થાનિક લોકોએ આ મામલે ફાયર ફાઈટરને જાણ કરતા તે દોડી આવ્યું હતું અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. પરંતુ તે દરમિયાન પાછળના ટ્રેલરમાં સવાર ચાલક આગના કારણે દાજી ગયો હતો અને ૧૦૮ મારફત સારવાર અર્થે ડીસા સિવિલમાં લઈ પામી હતી. સમય સુચકતાના પગલે તાલુકા પોલીસે પહોંચી જઈ ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. આ ગમખ્વાર અકસ્માત મામલે ટ્રેલર ચાલક જસપાલસિંગ મુખત્યારસિંહ જાટ રહે. ગાંડવાલ, જી. હરિયાણાવાળાએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેલર નં. આરજે.૦૫. જીબી.૫૩૨૬ના ચાલક સામે ગફલતભર્યું અને બેદરકારીભર્યું વાહન હંકારી ગુનો કરવા મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમીતે પાલનપુરમાં મીની મેરેથોન દોડ યોજાઈ

પાલનપુર, તા. ૩

રાષ્ટ્રીય એકતાના પ્રતીક સમાન લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમીતે પાલનપુરમાં નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા રન ફોર યુનિટી અંતર્ગત પાલનપુરથી ચડોતર સુધી મીની મેરેથોન દોડ યોજાઈ હતી.

જેમાં ૧૦૦ ઉપરાતના યુવક-યુવતી ઓએ ભાગ લીધો હતો. આ દોડને સ્વચ્છ ભારતના બ્રાન્ડ એમ્બેસેડર ડો.સુરેન્દ્ર ગુપ્તાના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવી હતી.અને વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અંગે નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નિતીન ઠાકોરે જણાવ્યું હતું કોરોના કાળમાં આજના યુવાનોમાં સરદાર વલ્લભભાઈના વિચારોથી વાકેફ થાય અને ઈમ્યુનીટી પાવર વધે અને કોરોના વાયરસને હરાવે તેવા હેતુથી આયોજન કરવામાં આવ્યુ હતુ.

# એસટી બસના ટાયર આધેડ પર ફરી વળતા કમકમાટીભર્યું મોત

ધનસુરા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે ખાનગી વાહનચાલકોની માફક એસટી બસના ચાલકો બેફામ ગતિએ બસ હંકારી રહ્યા હોવાની બૂમો વચ્ચે ધનસુરા નજીક એસટી બસે મોપેડને અડફેટે લેતા મોપેડના ફુરચેફુરચા નીકળી ગયા હતા, એસટી બસના ટાયર મોપેડ સવાર આધેડ પર ફરી વળતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરાની સ્વામિનાયારણ સોસાયટીમાં રહેતા વસંતભાઈ મોપેડ લઈ કામકાજ અર્થે ઘરેથી નીકળ્યા હતા. બાયડ-ધનસુરા




રોડ પર આવેલ હોટલ નજીક પસાર થતા હતા ત્યારે બાયડથી અંબાજી તરફ જતી બસના ચાલકે બસ ગફલતભરી રીતે હંકારી મોપેડને ધડાકાભેર ટક્કર મારતા વસંતભાઈ રોડ પર પટકાયા હતા, મોપેડ અને વસંતભાઈ પર ટાયર ફરી વળતા બંનેનો કડૂચાલો વળી ગયો હતો. વસંતભાઈ નામના વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.

# મોડાસા સબજેલમાં ફૂટ્યો ‘કોરોના બોમ્બ’ વિસ્ફોટ



મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે, મોડાસા શહેરમાં ૩૦૦ જેટલા દર્દીઓ કોરોનાના સંક્રમણો ભોગ બન્યા છે, મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી સબજેલમાં કાચા અને પાકા કામના ૧૩૮ કેદીઓ રાખવામાં આવ્યા છે જેમાંથી એક સાથે ૭૧ કેદીઓને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટિવ આવતા વહીવટીતંત્ર સતર્ક બન્યું છે. ત્યારે દિવસે દિવસે વધી રહેલા કોરોના સંક્રમણ જોતા લોકોએ હાલ સાવચેતી રાખવાની જરૂર છે. અરવલ્લી જીલ્લામાં કોરોના કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. સરકારી ચોપડે કોરોનાના દર્દીઓની ૫૯૫ પર પહોંચી છે બીજી તરફ શિયાળાની શરૂઆત થતા કોરોના રેપીડ પોજીટીવ કેસો પણ વધી રહ્યા છે.

હાલ જિલ્લામાં રોજના ૧૦૦ જેટલા રેપીડ પોજીટીવ કેસો સામે આવી રહ્યા છે ત્યારે જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આવેલી સબ જેલના ૧૩૮ કેદીઓના આજે કોરોના રેપીડ ટેસ્ટ કરાવ્યા હતા. જે પૈકી ૭૧ કેદીઓને રેપીડ પોજીટીવ આવતા હડકંપ મચ્યો છે. જેલ અધિકારીઓ અને જીલ્લા વહીવટીતંત્ર દ્વારા જેલના કેદીઓને મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં અવ્યા છે.

બીજી તરફ જેલમાં અડધો અડધ કેદીઓનો રેપિડ કોરોના ટેસ્ટ પોઝેટીવ આવતા જેલને આરોગ્યતંત્ર દ્વારા સેનેટાઈઝેશનની કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સબજેલમાં આરોગ્યતંત્ર દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે, ઉલ્લેખનીય છે કે જેલમાં એક કેદીને રવિવારે તાવ શરદીની તકલીફ થયા બાદ તેનો ટેસ્ટ પોઝિટિવ આવતા જેલ અધિકારી અને આરોગ્ય વિભાગ દ્વારા જેલના બધાજ કેદીઓના ટેસ્ટ કરાવવાનું નક્કી કરાયા બાદ ટેસ્ટી કામગીરી હાથ ધરવામાં આવતા આ ચોકાવનારી વિગત સામે આવી છે જેના પગલે જીલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે.